# પ્રકરણ – ૩

## ધીરેન્દ્ર મહેતાનું કાવ્ય વિશ્વ

પ્રસ્તુત પ્રકરણમાં સર્જકની કવિ તરીકેની પ્રતિભાની તપાસ કરવામાં આવી છે.

(1) પવનના વેશમાં

(2) પ્રત્યંચાનો કમ્પ

(3) ભૂસકાની ઉજાણી (બાળ કાવ્યસંગ્રહ) –

ધીરેન્દ્ર મહેતાના કાવ્યસર્જનની ચર્ચા કરીએ તો તેમનો પ્રથમ બાળ કાવ્યસંગ્રહ છે. જે થકી તેમના કાવ્યો બાળકો પ્રિય બની રહ્યા. બાલમંદિરમાં તથા કેસેટરૂપમાં ગેય બન્યાં. તેમના બીજો કાવ્યસંગ્રહ 'પવનના વેશમાં' ૧૯૯૫માં પ્રકાશિત થયો. જ્યારે ત્રીજો કાવ્યસંગ્રહ 'પ્રત્યંચાનો કમ્પ' ૨૦૧૧માં પ્રગટ થયો. આમ, બંને કાવ્યસંગ્રહ વચ્ચે એક દસકાનુ અંતર રહ્યું છે.

### ❖ *'પવનના વેશમાં' :*

'પવનના વેશમાં' કાવ્યસંગ્રહમાં ૧૧૯ (એક સો ઓગણીસ) કાવ્યો સમાવવામાં આવ્યાં છે. આ સંગ્રહ કવિએ પોતાના બે કવિમિત્રો રાજેન્દ્ર શુક્લ અને અનિલ જોશીને અર્પણ કર્યો છે. કાવ્યસંગ્રહની શરૂઆતમાં 'કયો વેશ? કેવો વેશ? એ શીર્ષક હેઠળ તેમની સર્જક પ્રતિભાનાં મૂળ અને તે કાવ્યસંગ્રહનાં કાવ્યોના ભાવનમાં પણ મદદરૂપ થાય તેવી છે. કાવ્યસંગ્રહનું મુખપૃષ્ઠ કાવ્યના શીર્ષક અને તેની રચનાઓને અનુરૂપ કુદરતી દ્રશ્યનું છે. જે વિષયાનુંકૂળ છે. આ કાવ્યસંગ્રહની કાવ્યરચનાઓની અંતે કવિએ તે કવિતા રચ્યાની તારીખની નોંધ કરી છે. જે અન્ય સંગ્રહો કરતાં નોંખી

ભાત પાડે છે. કુલ ૧૪૪ પૃષ્ઠના આ કાવ્યસંગ્રહમાં કવિએ તેમને ધ્યાનમાં આવેલ ટાઈપની ભૂલો પણ સુધારીને દર્શાવી છે જે તેમની ભાષા અને કાવ્યો પ્રત્યેની ઝીણી ચીવટને સૂચવે છે. આ કાવ્યસંગ્રહની રચનાઓ પ્રકાશન પૂર્વે 'સંસ્કૃતિ', 'કવિતા', 'ઉદ્દેશ્ય' વગેરે જેવા સામયિકોમાં પણ છપાઈ ચૂકી છે.

આ કાવ્યસંગ્રહની રચનાઓ વિષય-વૈવિધ્યની દ્રષ્ટિએ પણ સર્જકની કવિપ્રતિભાને અનુરૂપ બહોળા વિષય વિશ્વને તાગે છે. પ્રકૃતિ, આધુનિક માનવજીવનની વાસ્તવિકતા, વતન-પ્રેમ, પ્રકૃતિ, મૃત્યુ, સ્થળવિષયક કાવ્યો, હું વિષયક કાવ્યો, હાઈકું જેવા સ્વરૂપમાં ચિત્રકાવ્ય વગેરે જેવા વિષયોને કાવ્યોમાં વણી લીધા છે. કાવ્યસંગ્રહનું પ્રથમકાવ્ય 'બળે દીવાની જ્યોત' છે. તેમાં કવિકર્મનો મહિમા કરવામાં આવ્યો છે. અહીં આ રચનાઓમાં કવિ જ્યારે કાવ્યસર્જન પ્રક્રિયામાં પ્રવૃત્ત થાય છે તે વખતની પરિસ્થિતિને વિષય તરીકે ખપમાં લીધી છે.

હાથમાં લીધાં કલમ ને દોત,

પાસે બળે દીવાની જ્યોત...

રેતનદીના પટ શો કાગળ હાથમાં કરચલિયાળો,

કરચલિયાળા અક્ષર જાણે કોઈ વીંખેલો માળો,

ટેરવે આવી તલપી તલપી થીર થયાં છે કપોત !

પાસે બળે દીવાની જ્યોત...[૧]

કવિ સર્જક સમયની સ્થિતિને અહીં કાવ્યમય રીતે રજૂ કરતા જણાય છે. રચના માટેની બે માધ્યમ કાગળ અને કલમ હાજર છે. ત્યારે આંગળિયાના ટેરવેથી કપોતની જેમ કાવ્યરચના ટપકે છે. અહીં કરચલિયાળા શબ્દનું બે વારનું પુનરાવર્તન કદાચ કાચી નોંધમાં આવતા અને આંખને ન ગમતા અક્ષર વિષયક હોય શકે. વળી, ઉંમરની અધિકતાને પણ તે સૂચવતા જણાય છે. પણ આ

સર્વેની વચ્ચે કાવ્યરચનારૂપે તેઓ સંપૂર્ણ જીવનને રચી દે છે અને છેલ્લે ભાવક ઉપર તેને છોડી દે છે. આ માટે કવિએ સાહિત્યિક પ્રતિભાને કામે લગાડી સુંદર કાવ્યપંક્તિઓ રચી  છે. આ કાવ્યરચનાના ઓજારો વિશે રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

"કાગળનું ટેક્ષ્ચર, પોતે બે ઉપમાથી ઈન્દ્રિયગ્રાહ્ય કલ્પન-સદ્રશ મૂર્ત થયું છે. હાથમાં કલમદોત લીધા બાદ લીધેલો કરચલિયાળો કાગળ કેવોક છે? રેતનદીના પટ શો કાગળના ભાતપોતને 'નદીરેતના પટ શો' નહિ કહેતાં રેતનદીનો પટ વર્ણવ્યો તે ભૂલવું ના ઘટે- 'નદીરેતનો પટ' લખ્યો હોત તો ભેજભીનાશની શક્યતા હતી પણ રેતને અગ્રપદ અર્પી રેત નદી સર્જી દઈ કમાલ કરી. અહીં કાગળ સાથે શુષ્કતા, ઉત્તપ્તતા અને કરકરાશનાં સાહચર્ય ઝંકૃત થાય છે."[૨]

આમ, અહીં કાવ્યરચનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે કવિ દ્વારા થતી મથામણને કાવ્યવિષયરૂપે રજૂ કર્યો છે.

'એકાન્ત વણે વળે' ગઝલ રચના પણ કવિની ચિત્તની સ્થિતિને વિષયની રૂએ આલેખતી રચના છે. સર્જકની એકાન્ત સ્થળે નીખરી ઉઠતી સર્જક પ્રતિભા કાવ્યમાં ઠેર-ઠેર ડોકાય છે. તેમની આ એકલતા કુદરતી પરિબળો, પ્રકૃતિ, સ્થાનિક પરિવેશ આ બધાની સાથે આંતરિક સંવેદનાઓ કાવ્યમાં ટપકતી જણાય છે.

જોયું, એકાન્ત જ્યાં આમ વાતે વળે,

ઓરડો શાન્ત બેસી રહી સાંભળે?

પહાડ ધુમ્મસ બનીને બધે પીગળે

પથ્થરોનાં હ્રદય તો ગજબ ખળભળે ![૩]

અહીં આપણે જોઈ શકીએ છીએ કે એકાન્તમાં કવિ પોતાની જાત સાથે સંવાદ સાધે છે અને તે વખતે ઓરડાના ખાલીપા સિવાય કશુંય તેમની સાથે નથી. આ સ્થિતિમાં પહાડ, ધુમ્મસ અને પથ્થરમાં સજીવારોપણનું નિરૂપણ કરી કાવ્યમાં પ્રકૃતિનાં તત્વો અને માનવીય ભાવોનું અનોખું સંમિશ્રણ સાધ્યું છે. આ જ રીતે 'કાગળ કને' કાવ્યમાં પણ કવિની સંવેદનાની સાથે અન્ય તત્વોનું મિશ્રણ કાવ્યવિષય તરીકે નિરૂપાયું છે. જ્યારે કાવ્યરચના કવિના ચિત્તમાં સક્રિય થાય છે ત્યારે તે વખતે તેને મૂર્ત રૂપ આપવા માટેની સભાનતા કેળવવી પણ કેટલી જરૂરી હોય છે? તે વાતને વિષયની રૂએ કાવ્યમાં રજૂ કરી છે.

"તું નાવડી લઈ શબ્દની જો નીકળે, ક્યાં નાંગરે?

નાં આવવું આમ જ પડ્યું આખર અહીં કાગળ કને?"[૪]

અહીં કાવ્યને મૂર્તરૂપ આપવાની સામગ્રી કાગળ અને કલમ હાથવગાં રાખવાની વાત કવિએ કાવ્યમાં વણી લીધી છે. દરિયામાં યોગ્ય રીતે નાવને લાંગરવામાં નાં આવે તો તે દરિયામાં વહી જાય છે તેમ યોગ્ય સમયે જો કાવ્ય કવિચિત્તમાં જન્મે તે વખતે તેને મૂર્તરૂપ ન  આપવામાં આવે તો તે પણ વહી જાય છે. તે વખતની સ્થિતિને કવિએ ખૂબીપૂર્વક ઊર્મિસંવેદનાગત રીતે કાવ્યમાં રજૂ કરી છે. 'કવિનું તહોમતનામું' કાવ્યમાં કવિની સર્જનકર્મ પ્રત્યેની વફાદારી અને નિભ્રાન્તતાને દર્શાવી છે.

"શૂન્યતામાં વહેતો કરી શબ્દને

એ પછી લઉં અહીંથી હું વિદાય..."[૫]

કાવ્યરચના કરી દીધા બાદ કવિ તેના અર્થઘટન વિશે સભાન રહેતો નથી તે ભાવક ઉપર છોડી દે છે. આમ, સર્જનકર્મ અને ભાવનકર્મ બંનેની દિશાઓ વિશે કવિએ ઊર્મિલતાપૂર્વક કાવ્યરચનાને ઓપ આપ્યો છે. આમ, કવિકર્મ વિષયક કાવ્યરચનાઓમાં સર્જનપ્રક્રિયા અને તદવિષયક અન્ય બાબતો ઉજાગર થતી જણાય છે.

'પવનના વેશમાં' શીર્ષકાનુંસાર પ્રકૃતિનો પરિવેશ વિષય તરીકે નિરૂપાયાં હોય તેવાં કાવ્યોની સંખ્યા બહોળા પ્રમાણમાં છે. 'શ્રાવણની સાંજ' કાવ્યમાં પ્રકૃતિનો પરિવેશે ઘેઘૂર રીતે વર્ણવાયો છે. વર્ષાના આગમનથી ધરતી અને અન્ય પ્રકૃતિક તત્વોની સાથે માનવહ્રદયની થતી આનંદમય સ્થિતિને કવિએ અહીં ઉજાગર કરી છે.

"શ્રાવણની આ સાંજ ક્ષિતિજથી ઉતરી હેઠી

પલપલમાં રે ઝરમર વરસે કેવી રીત !

ઘનઘોર ઘટાના ઘેન તણું કંઈ ગીત ઝરે કે

સીમ છલક છલકાય,

દૂરને ઓલે ડુંગરિયે કોં મયૂરકેરા કંઠ મહીંય

સૂર એ જ પડઘાય;

થોર અને આ ખેર અને આ નીમ

અરે, આ વગડો આખો રોમરોમ પુલકિત !"[૬]

વર્ષાના આગમનથી વનશ્રી અને અન્ય પ્રાકૃતિક તત્વો ઉપર થતી અસર અહીં કાવ્યોમાં ઊર્મિમય બનીને અવતરી છે. ડુંગર, મયુર, થોર, ખેર, લીમડો, સીમ અને છેવટે આખો વગડો જાણે આનંદમય ઉલ્લાસમાં આવી જઈ ગીતનું ગુંજન કરતો થઈ જાય છે. ત્યારબાદ કવિહ્રદય પણ આ વરસાદી વાતાવરણની વચ્ચે ભિંજાવાની તાલાવેલી દર્શાવે છે જે માનવીય તત્વો ઉપર થનારી વરસાદી અસરને દર્શાવે છે. કવિની કલ્પના કાવ્યમાં ઈન્દ્રધનુના રંગોની આંગળી પકડીને પ્રકૃતિના અન્ય તત્વોની મજા માણવાની છે. તેના રંગોમાં, આનંદમાં ઘોળાઈ જવાની છે. જે કાવ્યમાં ઊર્મિલતાને નવિન આયામો સાથે ખોલી આપે છે. અહીં પ્રકૃતિનાં તત્વોની સાથે માનવીય ભાવોનું મેળવણ કરવાની કવિની

કવિત્વ શક્તિનાં દર્શન થાય છે. કવિની પ્રકૃતિને જોવાની નિજી સંવેદનાનાં અહીં દર્શન થાય છે. ‘ફરક્યું પાન’ કાવ્યમાં પ્રકૃતિનાં તત્વોનું ઊર્મિસભર નિરૂપણ ઉડીને આંખે વળગે એવું છે. વૃક્ષના પાંદડાને જુદા-જુદા ભાવો પ્રમાણે દર્શાવીને કવિએ તેમની કાવ્યરચવાની પ્રતિભાને પૂરો અવકાશ આપ્યાનું જણાય છે. તે જ રીતે ‘હોનારત’ કાવ્યમાં ઝાડ ઉપરથી પાન છૂટું પડવાની ઘટનાને માનવીય ભાવો સાથે જોડી કાવ્યરચનાની વિષયનિરૂપણ રૂએ નવિન દિશાઓ ખોલી આપે છે. વળી, કાવ્યમય ઉર્મિ અને વિષયને આલેખવાની કવિની આગવી છટા પણ કાવ્યને સબળ બનાવે છે.

“ઝાડથી એવું પડ્યું વિખૂટું પાન,

ઝાડ થયું વેરાન !

લીલપનો ડહોળાપો દરિયો પળમાં થયો ખલાસ,

હવાની છાતી ઉપર ડાળી ધડૂસ ધડૂસ ધડાસ!

એવો બન્યો બનાવ કે જાણે સળગી ઊઠ્યું રાન!

ઝાડથી એવું પડ્યું વિખૂટું પાન!”[૭]

અહીં જોઈ શકાય છે કે એક પાન ખરી પડવાથી વૃક્ષની સ્થિતિ કેવી દયનીય થાય છે? તે વેરાન થઈ જાય છે. વૃક્ષની સાથે-સાથે આખા જંગલ ઉપર પણ તેની વિપરીત અસર થાય છે. તે જ બાબતે માનવીય સમાજ ઉપર લાગું પડે છે. જ્યાં સ્વજનોના જવાથી આખા સમાજ ઉપર થતી અસર દુરગામી પરિણામો ઉપજાતી હોય છે. આમ, અહીં કવિએ પ્રકૃતિ નિમિત્તે માનવીય ભાવોને કુશળતાપૂર્વક ખપમાં લીધા છે. તે જ રીતે ‘વૃક્ષ’ અછાંદસમાં પણ કવિએ જીવનમાં વૃક્ષ વિષયક થયેલા પોતાના નીજી અનુભવોને ઊર્મિસભર રીતે રજૂ કર્યા છે. અને તેમાં પણ માનવસહજ બાબતોનું નિરૂપણ આગવી રીતે કવિ કરી શકયા છે. વૃક્ષનો પ્રતીક તરીકે કવિએ અસરકારક ઉપયોગ કર્યો છે.

'એ જ વૃક્ષ મારે આંગણે ઊભીને એક ઉત્સવ રચે!... પણ આ કેવું અચરજ, કે બધાં વૃક્ષોમાં મને હંમેશાં એક વૃક્ષનું દર્શન થયું છે. એક જ વૃક્ષ મને સવારે શિરીષ, બપોરે ગુલમહોર, સાંજે શેફાલી હોય એમ લાગે છે!'

અહીં વૃક્ષની પ્રતીકાત્મકતા માનવીય સંબંધો માટે કવિએ ખપમાં લીધી છે. 'ચાડિયાની વાત' કાવ્ય પણ કવિનો ખેતર અને ગ્રામીણ ક્ષેત્રના અનુભવનો પ્રત્યક્ષ પડઘો પડતો જણાય છે. ચાડિયાની એકલતા અને મનોદશાને કવિએ ઊર્મિસભર રીતે રજૂ કરી છે.

"માલીયા લીલુંછમ લીલુંછમ થાય રખે

એકાદું પાન મને ફૂટે...

ખેડૂભા ! હવે ભ્રમણાનાં બાણ નહિ છૂટે

સાંજની જ વાત કરું, ફરફરતી ચલ્લી જો

આવીને બેસી ગઈ ડોકે ,

એની જરીક શી વાગી જ્યાં ચાંચ થયું

મને ધકેલ્યો શું કોકે ?

જોયું તો ચલ્લી ને તેતર ને લેલાં ને

આખુંય ઝૂંડ મારી પૂંઠે !"[૮]

પોતાની આસપાસના પાકને જોતાં ચાડિયોના મનમાં લીલાશને પામવાના કોડ જાગે છે. તે પોતાની વેદના ઠાલવતાં જણાવે છે કે આસપાસની દુનિયા ને થાય તેવા અનુભવો તેને પણ થાય છે. તો

માત્ર લીલાશ અને સજીવંતાનો તફાવત કેમ? આમ, ચડિયાના પ્રશ્નમાં કવિગત સંવેદના ટપકતી જણાય છે. અહીં પણ અન્ય કાવ્યોની જેમ કવિએ માનવસહજ સંવેદનાઓ પ્રકૃતિ અને અન્ય નીર્જીવ વસ્તુઓમાં પણ અનુભવાય છે. આ જ રીતે 'ચાડિયાઓ', 'ખેતર, ચાડિયો ને પંખી', વગેરે કાવ્યોમાં પણ ચાડિયો પ્રતીકની રૂએ રજૂ કરીને કાવ્યરચનાઓને કવિ નવો જ પરિવેશ આપતા જણાય છે.

સંગ્રહની ઘણીખરી કાવ્યરચનાઓ કવિના વતન-પ્રદેશને વિષય તરીકે નિરૂપતિ જણાય છે. 'વારસો' કાવ્યરચના કચ્છના પ્રાકૃતિક પરિવેશને રજૂ કરે છે.

"રણ ને દરિયો

સૂતાં છે

મારા ગામની અડખેપડખે.

કહે છે,

જ્યાં ઘૂઘવે છે દરિયો

ત્યાં એક કાળે હતું રણ;

અને

રણ સૂસવે છે

એ જગ્યાએ હતો દરિયો...

એવું આ ગામ,

મને મળ્યું છે વરસામાં."[૯]

અહીં કવિના વતનપ્રદેશ એવા કચ્છના રણપ્રદેશની સ્થિતિ કાવ્યમય રીતે નિરૂપાઈ જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ એવું દરિયાકિનારના વિસ્તારમાં અવાર-નવાર બનતું હોય છે. તેમનો પ્રત્યક્ષ અનુભવ ઊર્મિલતા સાથે અહીં ટપકતો જણાયો છે. આ ઉપરાંત દરિયો અને રણના વિરોધાભાસી વાતાવરણની વચ્ચે જજૂમતી ખમીરવંતી કચ્છની પ્રજા તેના આ વારસાને હરહંમેશ માટે પોતાના હ્રદયમાં સ્થાપિત કરે છે. તેવા વતનપ્રેમની ઝાંખી પણ આ કાવ્યમાં થાય છે. તે રચનામાં જ ઊંટ, માછલી, રેતી, જળ, વગેરે પણ કવિતામાં યથોચિત રીતે અવતરતાં જણાયાં છે. ‘રણની આંખમાં દરિયો’ કાવ્ય પણ સ્થાનિક વાતાવરણને આબેહૂબતા અર્પણ કરે છે. ‘શોધ’ કાવ્યમાં પણ રણની આગવી છાયાઓ કવિએ પ્રગટાવી છે. રણના પ્રાકૃતિક પરિવેશને કવિ આબાદ રીતે ઝીલી શકે છે તેવું તેમની આ કાવ્યરચના પરથી સ્પષ્ટ જણાય છે.

“જો હોય તો તો હોય બીજું કોણ ધખતા ધોમમાં?

બસ એક અહીયાં હું હતો, સૂરજ હતો ત્યાં વ્યોમમાં.”[૧૦]

અહીં રણપ્રદેશની નિર્જનતા સબળ રીતે રજૂ થઈ છે. ત્યાં જે માનવ હોય તેનો સંગાથી એકમાત્ર સૂરજ જ બની રહે છે. અન્યનો તો આછો પડછાયો પણ નજરે પડતો નથી. આ પ્રદેશમાં તેઓ વતનપ્રેમની સુંગંધ અવારનવાર આવતી હોવાની અને તેની સાથે જોડાયેલ લાગણી કાવ્યમાં ઠેર-ઠેર નજરે પડે છે. ‘ખારવણનું ગીત-૧’ અને ‘ખારવણનું ગીત-૨’ ખારવાઓના જીવનને તાદ્રશ્ય રીતે રજૂ કરતાં જણાય છે. તેઓના જીવનની શરૂઆત-મધ્યાહન-અંત સર્વેસર્વા દરિયો જ છે તે બાબતની નિખાલસ રજૂઆત આ કાવ્યમાં થઈ છે. ‘દરિયો’ કાવ્યમાં પણ કવિની પ્રાદેશિક વિશેષતાની સાથે દરિયા સાથે વણાઈ ગયેલા જીવનને કાવ્યમાં ઢાળે છે. ‘પાછું ફરેલું વહાણ’, ‘પાળિયા’, ‘નગરમાં પાળિયા’, ‘સમી સાંજના પડછાયાઓ’, ‘આજ અંધારું થવા દો’, ‘ગોતી લાવીશ’ વગેરે કાવ્યોમાં પણ કવિએ પોતાના વતનપ્રદેશને નીજી અનુભવોના ઊંડાણને કાવ્યમય બનાવીને રજૂ કર્યો છે. અહીં પ્રાકૃતિક પરિવેશની સાથે સમાજ, સંસ્કૃતિ, આસ-પાસનું વતાવરણ, માનવીય સંબંધો, વ્યવસાય, સામાજિક વ્યવસ્થા વગેરે પણ કાવ્યોમાં ડોકાતાં જણાય છે.

પ્રણય અને વિરહ એ માનવજીવનમાં વણાઈ ગયેલી અને હંમેશાં જોડાયેલી બાબતો છે જે પણ કવિના આ સંગ્રહનાં કાવ્યોમાં વિષય તરીકે નિરૂપાયાં છે. 'તારા ગયા પછી', 'સૂરજ આથમી ગયો !', 'ઉલેચ', 'કદીક એ વળાંક પર', 'પત્ર', 'બારણું', 'સુરભિના કોમળ ભારથી', 'કાગળ કને' વગેરે કાવ્યોમાં કવિની પ્રણયાનુભૂતિ ઠેરઠેર નિરૂપાઈ છે. 'બારણું' કાવ્યમાં કવિની વિરહવેદના અને આતુરતા બળકટપણે નિરૂપાઈ છે.

"બોલ, કોને કહે, શું કહે બારણું,

આવ-જા થઈ રહી શું ચહે બારણું !

રાત હુકકે રહીને જ ઝૂમ્યા કરે,

સાથ એની ખખડતું રહે બારણું !

મીટ મંડાયલી ત્યાં પડી છે તિરાડ,

ક્યાં લગી આ નજરને સહે બારણું !

રિક્ત આ ટોડલા ને સૂના ઉંબરા,

ક્યાં સુધી આ બધુંય લહે બારણું ?"[૧૧]

અહીં બારણાની આડશ લઈ પ્રિયતમાની રાહ જોતા પ્રિયતમની આતુરતા અહીં આકારીત થઈ છે. માનવીય ભાવો અને ભૌતિક પદાર્થોમાં તેને ગૂંથવાની કવિની આગવી હથોટી અહીં છતી થતી જણાય છે. પ્રિયતમની મનની અવહેલના અને પોતાના પ્રિયપાત્રની કાગડોળે રાહ જોતા પ્રિયતમની છબીને કવિ આબાદ ઝીલી શક્યા છે. આ ઉપરાંત 'પત્ર' કાવ્યમાં પણ મિલન-વિરહની સ્થિતિને કવિએ ઉજાગર કરી છે.

"એ પ્રસંગો નાં કદી વરસ્યા અહીં શ્રાવણ બનીને,

જે હતા કારણ, રહ્યા એ ફક્ત બસ કારણ બનીને !"

"એમની સાથે નિકટતા આમ તો મારે રહી છે,

પાસમાં મારી રહ્યાં છે, પણ સદા થાપણ બનીને !"[૧૨]

અહીં બે પ્રેમીઓના વિખૂટા પડવાથી આવતી વિરહ વેદના અને ધીરે-ધીરે ઉઘડતી યાદદાસ્તો દ્વારા વધતી જતી વેદનાને કવિએ સુંદર રીતે નિરૂપી છે. નાયકનું ઘર, આંગણું, સંભારણા રૂપ રૂમાલ, દર્પણ સ્વપ્નમાં આવવું, તોરણ, બારણું વગેરે જેવી ભૌતિક અભૌતિક વસ્તુઓની સાથે કવિએ સ્મરણોની સાથે વણીને વિરહની વેદનાને વ્યક્ત કરી છે. આમ, પ્રણયનિરૂપણનાં કાવ્યોમાં કવિએ મિલન-વિરહના ભાવોને વ્યક્ત કર્યા છે.

આધુનિકતાના મુખ્ય લક્ષણ 'સ્વ' ની શોધ પણ કાવ્યોનો વિષય બની છે. દુનિયાના સંબંધોથી અને પરિસ્થિતિથી ત્રાસી આધુનિક મનુષ્ય પોતાની જ શોધ આરંભે છે. 'અવકાશના પોલાણ' કાવ્યમાં કવિએ માનવીની આ વિરતીને વિષય તરીકે નિરૂપી છે.

"તુજ યાદની દીવાલ એકાએક બસ તૂટી પડી,

અવ રિકતતામાંથી હું મુજ અણસારને શોધ્યા કરું !

એકાન્ત જ્યારે ઓગળી ચોમેરને ભીંસી રહે,

અવકાશના પોલાણમાં વિસ્તારને શોધ્યા કરું !" [૧૩]

અહીં દુનિયાની વચ્ચે આવી પડેલા માનવીની પોતાની જાતને શોધવાની મથામણ કાવ્યમાં ડોકાય છે. જ્યારે-જ્યારે નવરાશનો સમય મળે છે ત્યારે તે આ વિશાળ આકાશની નીચે

પોતાને એકલાંઅટૂલાં ભાસેં છે. 'મેદની ને મેળો' કાવ્યમાં પણ આધુનિક માનવીની આંતરિક અને બાહ્ય પરિસ્થિતિને કવિએ ઉજાગર કરી છે. 'શેરી', 'જોયું', 'રિપોર્ટનું આ જગત', 'ચહેરા', વગેરે કાવ્યોમાં માનવીની વિચ્છિન્નતા અને દુનિયા સાથેના તેના સંબંધોને વિષય તરીકે કવિએ નિરૂપ્યા છે. આ ઉપરાંત માનવીની મર્યાદાઓને નિરૂપતા 'છળ', 'ફુરચા', 'વિચ્છિન્ન ઉજાસ', 'પાંચ નકાર' વગેરે કાવ્યોમાં કવિએ કાવ્યાનુરૂપ રીતે રજૂ કરી છે. પ્રકૃતિનો પરિવેશ આ સંગ્રહની રચનાઓમાં બળકટપૂર્વક રજૂ થયો છે. શીર્ષકાનુસાર 'પવનના વેશમાં' આપણે તેને જોઈ શકીએ તે સ્વાભાવિક છે. 'પવનના વેશમાં' કાવ્યમાં પ્રકૃતિની માનવીય ભાવોની સાથેની નિસ્તબ અને જોડાણ ઉડીને આંખે વળગે એવું છે.

'ધીમે ધીમે એ વાત વહી ત્યાં દેશ ને પરદેશમાં :

ફરકે અહીયાં રોજ કૈં આવી પવનના વેશમાં

પછી જુઓ તો પાળિયે ઘોડે ચડ્યા અસવારને,

તબક્યા કરે શું એમની આ આંખ બે અનિમેષમાં !

પાદર કને છે બાતમી છેલ્લી-પહેલી આટલીઃ

લટીયેલટીયે કોઈ ઝોલાં ખાય વડના કેશમાં"[૧૪]

અહીં પ્રાકૃતિક પરિવેશની સાથે સાથે કવિની કલ્પનાની નાવીન્યતાનું પણ દર્શન થાય છે. ગ્રામીણ પ્રકૃતિ અને તેની આગવી વનશ્રીની કવિની હૃદય સંવેદનાને થતી અસરને કવિએ આબાદ રીતે ઝીલી છે. 'સ્પર્શમાં' કાવ્યમાં પણ કવિની કલ્પનાનાં નવિન વિસ્તારો ખૂલતા જણાય છે. 'વન' કાવ્યમાં કવિની કલ્પનાની આગવી કલ્પનાસૃષ્ટિ ઉઘડતી જણાય છે. 'એક અનુભૂતિદ્રશ્ય' પણ કવિતામાં પ્રકૃતિ અને કલ્પનાનાં મિશ્રણને આલયદી કાવ્યભાતીમાં દર્શાવે છે. 'ગુલમહોર', 'એકવાર',

'નેવાં', 'કોને પૂછીને?', 'અંધારનો સ્પર્શ', 'સવાર', 'આકાશે કહ્યું' વગેરે કાવ્યોમાં પ્રકૃતિને કવિએ વિષય તરીકે નિરૂપી છે.

આ ઉપરાંત સ્થળ વિષયક ઊર્મિ સંવેદનાને સંકોરતાં કાવ્યો પણ કવિની કાવ્ય રચવાની આગવી ભાતને દર્શાવે છે. 'નદી' કાવ્યમાં કેવું આહલાદપૂર્ણ નિરૂપણ કર્યું છે !

"એ વાતને વીતી હશે બસ પા સદી ;

તમને હશે એ યાદ,

વીરેન્દ્ર નામે ગામમાં વહેતી હતી કોઈ નદી !"[૧૫]

અહીં સ્થળ વિષયક રચનાઓમાં કવિપ્રતિભાનો સ્પર્શ કાવ્યને સફળતા અર્પે છે. કવિની સ્થળની સાથે જોડાયેલ માનવીય ભાવનાઓ, લાગણીઓ, વગેરેની સાથે સ્થળગત વિશેષતાઓ કવિએ કાવ્યમાં નિરૂપી છે. 'દુર્ઘટના', 'અમદાવાદના મિત્રોને-વતનમાંથી', 'દીવાનખાનામાં, 'નગરથી ગામ', 'શહેર', 'ભૂજ શહેર- સ્થળોમાંઃ એક વૃતાંન્ત' વગેરે કાવ્યોમાં કવિની સ્થળ સાથે જોડાયેલી તેમની સંવેદનાઓ રજૂ થઈ છે.

આ ઉપરાંત પુરાકલ્પનને દર્શાવતી 'કર્ણના અશ્વની ઉક્તિ', 'અભિજ્ઞાન' વગેરે રચનાઓ તેમના વિષયવૈવિધ્યને સૂચવે છે. અન્ય પ્રકીર્ણ વિષયાનુભૂતિમાં જોઈએ તો 'ઢોલ ઢબૂકયો' લગ્નપ્રસંગને દર્શાવતું તેમનું સુંદર કાવ્ય છે. આ ઉપરાંત યૌવનને દર્શાવતાં અને યૌવનમસ્ત લાગણી દર્શાવતાં 'છાતીમાં ફૂટ્યો છે', 'અવસર', 'તારા કંઠથી' વગેરે કાવ્યો પણ નોંધપાત્ર બની રહે તેવા છે.

ટૂંકમાં, 'પવનના વેશમાં' કાવ્યસંગ્રહમાં કવિએ, પ્રકૃતિ, પ્રણય, સ્થળવિષયક, મૃત્યુ વિષયક, આધુનિક વિરતી, કવિગત સંવેદનાઓ, અને પ્રકીર્ણ એમ વિષયવૈવિધ્યતા આ કાવ્યસંગ્રહનાં કાવ્યોમાં જોવા મળે છે.

આ સંગ્રહની કવિતાની ભાષા કાવ્યાનુરૂપ અને શુદ્ધ ગુજરાતી છે. તળપદ વિષયક કાવ્યો રાચ્યા હોવા છતાં ભાષાકીય શુદ્ધતા કવિએ જાળવી છે. આમ, છતાં કવિની પોતીકી ભાષા પણ કાવ્યોમાં સુંદર રીતે નિરૂપાઈ છે. 'ઉલેચૂ' કાવ્યમાં પ્રસનિરૂપણ કવિની નિજી બાનીમાં થયું છે.

નયન થતાં ડળક ડળક...

ને માંહ્ય કૈં ખળક... ખળક...

રે તૂટુંતૂટું મૌન આ,

ને રાત આ ઢળક ઢળક

ફૂટી ન ફૂટી એક કળી,

ને વેલ કૈં લળક લળક ![૧૬]

આમ, અહીં કવિએ ડળક,ખળક,ઢળક,લળક,મળક વગેરે જેવા શબ્દોથી જે પ્રસયોજના રચી છે તે કવિની પોતીકી અને આગવી છે. આ જ રીતે કોઈ વાર સંપૂર્ણ કાવ્ય દરમિયાન એક જ શબ્દના પ્રાસ રચાતા જોવા મળે છે. 'ફુરચા', 'સ્પર્શમાં', 'પડછાયા', 'પડછાયો અને 'હું' અને અન્ય કાવ્યોમાં પણ એક જ પ્રકારના પ્રાસ નિરૂપી કાવ્યસિદ્ધિ મેળવી છે. આમ, તેમના કાવ્યોમાં ભાષાગત વૈવિધ્ય ઓછું છે છતાં કવિની શૈલી આગવી અને નિરાળી છે.

અભિવ્યક્તિની રૂએ પણ કવિએ ગીત, ગઝલ, હાઈકું અને અછાંદસ જેવાં સાહિત્યસ્વરૂપો દ્વારા કવિએ પોતાની કાવ્યરચનાઓને ઓપ આપ્યો છે. તેમની ગીતરચનાઓમાં ગેયતાની સાથે-સાથે પ્રાસ મુખડા-અંતરાની રચનાભાત વગેરેમાં પણ કવિએ આગવી સિદ્ધિ હાંસલ કરી છે. 'હું' કાવ્યમાં ગીત સ્વરૂપનો સર્વાંગસંપૂર્ણ સંયોગ સાધ્યો છે.

હું જ ફૂલું ને ફાલું,

હું મારી અંદર મહાલું !

કિરણ અડીને ચાલી ગયું: એને મારા સલામ !

ઝાકળ દડીને ખાલી થયું: એને મારા સલામ !

આમથી આવી પવન હમણાં ઊડી ગયો છે આમ !

હુંયે સૌ સંગાથે ચાલું ![૧૭]

અહીં ગીતરચનાની બધી જ શક્યતાઓ પૂર્ણ કળાએ ખીલતી જણાય છે. તેનો અંતરો-મુખડો, ધ્રુવપંક્તિ, પ્રાસ-અનુપ્રાસ, ઊર્મિલતા, સંગીતતા અને અન્ય લક્ષણો ગીતને સફળ બનાવે છે. આ જ રીતે 'ઋણાનુંબંધ', 'બળે દીવાની જ્યોત', અને અન્ય ગીતરચનાઓ પણ કવિની પ્રતિભાને બળે ખીલી ઉઠતી જણાઈ છે.

સંગ્રહની મોટાભાગની રચનાઓ ગઝલ સ્વરૂપમાં છે. કવિએ ગઝલના પ્રાસ-અનુપ્રાસ, શેર રચના, વિષયાનુકૂળ પદાવલિ વગેરે દ્વારા ગઝલની રચનાઓને પૂરતો અવકાશ આપ્યો છે. સંગ્રહની મોટાભાગની ગઝલો મધ્યમ કક્ષાના બહેરવાળી છે. તેમાં લંબાણ-ટૂંકાણનું તત્વ ઓછું જોવા મળે છે. વળી, ગઝલ હોય તો ઉર્દૂ-ફારસી શબ્દો તેમાં હોવા જ જોઈએ તેવી પૂર્વેના ગઝલકારોની વારસાને વળગી રહેવાની આદતથી ધીરેન્દ્ર મહેતાની ગઝલો મુક્ત રહી છે. તેમની આગવી ગુજરાતી ભાષા જ ગઝલ રચનાઓમાં તેમણે નિરૂપી છે.

મુક્તક સ્વરૂપમાં પણ કવિએ ચિત્રાત્મકતા દર્શાવતી રચનાઓ આપી છે.

"પંખી:

જળને સ્પર્શુ ;

અરે, થયું શું, કેમ"

"કિરણ અડે,

પથ્થરો ખળભળે,

ઝરણું કૂદે !"[૧૮]

અહીં ભાષાની લાઘવતી અને ઉર્મિની ગહનતા દ્વારા કાવ્યસિદ્ધિ કવિ મેળવતા જણાય છે. નાની રચનામાં ધારેલી સફળતા તેઓ મેળવી શક્યા છે જે કવિની આગવી પ્રતિભાને સૂચવે છે.

અન્ય સ્વરૂપોની જેમ અછાંદસ રચનાઓમાં પણ કવિએ કાવ્યોની આગવી સફળતા પ્રાપ્ત કરી છે. અછાંદસ રચનાઓમાં કવિએ કાવ્યને વિષયાનુરૂપ ટૂંકાણ અને લંબાણને ખપમાં લીધું છે. 'કર્ણની ઉક્તિ', 'આ નગરને હું મળું છું', 'શહેર', 'ભુજ-સમયમાં : બે સ્નેપશોટ્સ', 'ભુજ શહેર – સ્થળમાં : એક વૃતાંન્ત' વગેરે કાવ્યોમાં અછાંદસ રચનાઓમાં પણ કવિ લયાનુકૂળ કાવ્યત્વ સિદ્ધ કરતા જણાય છે. 'માણસ પ્રતિ ચાડિયો' અછાંદસ રચના માત્ર વીસેક શબ્દોના માધ્યમથી રચી છે તો તેની સામે અન્ય કાવ્ય રચનાઓ વીસથી પચ્ચીસ પંક્તિઓમાં પણ પૂર્ણ થાય છે. આમ, અછાંદસ કાવ્યરચનાઓમાં લાઘવતત્વની સાથે-સાથે ખપપૂરતું લંબાણ પણ નજરે પડે છે.

આમ, 'પવનના વેશમાં' કાવ્યસંગ્રહ ધીરેન્દ્ર મહેતાની કાવ્યસૃષ્ટિને સર્વાંગ સંપૂર્ણ રીતે વ્યક્ત કરતો ગુજરાતી સાહિત્યનો મહત્વનો કાવ્યસંગ્રહ બની રહે છે. તેમાં વિષય, અભિવ્યક્તિ અને ભાષાની રૂ એ સર્જક ધારી સફળતા મેળવી છે.

❖ *'પ્રત્યંચાનો કમ્પ' :*

કાવ્યસંગ્રહ 'પ્રત્યંચાનો કમ્પ'૨૦૧૧માં પ્રકાશિત થાય છે આ પુસ્તકનું આવરણચિત્ર . ધનુષ્યની પણછમાંથી ઉત્પન્ન થતા કંપનો અહીં દ્રષ્ટિગત થાય છેધ્રુજારી જેવા અન્ય ,જેના ધ્વનિ . . મૂતરૂપ આપ્યું પર્યાય મળી શકે કવિએ અહીં સંવેદેનાના આર્વતનોને કાવ્યમાં

'પ્રત્યંચાનો કમ્પ' કાવ્યસંગ્રહમાં એક સો આઠ જેટલા કાવ્યોનો સમાવેશ થયો છે. જેમાં 'ભંગુર શાશ્વતી' વિભાગરૂપે ભૂકંપ વિષયક કાવ્યોનો સમાવેશ થયો છે. પ્રકૃતિ, પ્રણય, એકલતા, મૃત્યુ સ્થળ દર્શન વગેરે. જેવા વિધવિધ વિષયોને લઈને સંવેદનમાં અભિવ્યક્ત થતી રચનો મળી છે. સર્જકનું જીવન તેમનું એકાંત કાવ્યપ્રવૃત્તિનું કારણ બની રહે છે. કવિના સંવેદન જગતમાં આસપાસના વિશ્વનું પ્રતિબિંબ પડતું જ રહે છે. અને ધીરેન્દ્ર મહેતાને એકાંત સાથેનો –સંબંધ, શૈશવકાળથી રહ્યો છે. તેમાંથી કાવ્યસર્જન થવું એ સ્વાભાવિક છે.

'પ્રત્યંચાનો કમ્પ' કાવ્યસંગ્રહમાં કુદરતી હોનારત ધરતીકંપથી થયેલ અનુભવની તીવ્રતાને વાચા મળી છે કુદરતની થપાટ સામે તદ્દન લાચાર બની ગયેલ મનુષ્યની વેદના, નિસહાયતા તેમના કાવ્યોમાં દ્રષ્ટિગત થાય છે. તેઓ આ કાવ્ય વિશે નોંધે છે. 'ધરતીએ અનુભવેલા સંક્ષોભે અને એ જ કાળમાં મનુષ્યે જગવેલા વિક્ષોભે જે કમ્પનો જગવ્યાં. તેને અભિવ્યક્ત થવામાં કલ્પન વિના બીજી શાની મદદ મળી શકી હોત? એ વાસ્તવનાં કલ્પનો છે કે વેદનાના, એ બાબત ભાવંકને કહેવું હશે તો કહેશે. કમ્પન પછીની સ્થિતિમાં સ્થિર થયા પછી જે સંવેદન બચે છે તે એજ છે, જે પ્રાયઃ મારા હાથમાં રહી ગયેલી પ્રત્યંચાના કમ્પમાં વ્યક્ત થવા કરે છેઃ પોતાની ચોપાસ – કુદરતમાં અને સમૂહમાં – જે કંઈ બને છે તેની વચ્ચે મનુષ્ય એકલો છે. એકાંકી...'[૧૯]

ભંગુર શાશ્વતી' અર્થાત્ત નિત્ય નાશવંત સર્જન અને વિસર્જન કુદરતી ક્રમ છે. કુદરત સાથેનું અસંતુલન જાનમાલની હાનિ ને જ નોતરે છે. પૃથ્વીના પેટાળને ઉપર તળે કરી નાંખતી આ ઘરતીકંપની ધ્રુજારીની અભિવ્યક્તિ અહીં જોવા મળે છે. પ્રસ્તુત 'ભંગુરશાશ્વતી' વિભાગમાં ભૂકંપ વિષયક કાવ્યો છે. જેમાં કવિએ અછાંદસ, ગઝલ અને સોનેટ કાવ્યસ્વરૂપો નો ઉપયોગ કર્યો છે. તેમનું પ્રથમ કાવ્ય 'ભૂ-કમ્પની પળ-વિપળ'માં ભૂકંપની ઘોર વિનાશકતાને મૂર્ત કરી છે. અચાનક થયેલી આ

ઘટનામાં જાણે માનવજીવના શ્વાસ ઊંચે ચઢી ગયા અને બધુંજ ઉપર તળે થવા લાગ્યું. અને ચિત્કાર અને મૃત્યના આક્રંદ સિવાય કંઈ જ નથી. એમ કવિ કહે છે. પ્રસ્તુત, અછાંદસ રચનામાં 'હાલક ડોલક', 'ઊચકનીચક', 'આડી તેડી', ભર્રર્રર ભમ્મ' જેવા દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દો દ્વારા ધરતીને ચારેબાજુથી ગુમાવી દીધી હોય એવું ચિત્ર ઊપસી આવે છે. આ બધા પર કવિ જીવનો પણ અંકુશ નથી કયો છે આ છંદ,

સર્વે યતિ – વિરામો

ઉછાળી – લોપીને

ઉપર – તળે કરી રહ્યો છે આ સૃષ્ટિ સારી! – અહી છંદના અંગોને બધુ જ તોડીને કોઈ માપ નથી અને કવિના ચિત્તમાંથી શબ્દોને પથ્થરની ઉપમા આપે છે. કાવ્યમાં ક્ષણ-અક્ષણનું દ્રશ્યાત્મક ચિત્ર અહીં કવિ ઉપસાવે છે.

'ભૂકમ્પ પછીઃ૧' અને 'ભૂકમ્પ પછીઃ૨' કાવ્યોમાં માનવીય વેદનાને રજૂ કરી છે. આ વિધ્વસ પછી કાટમાળ નીચે દટાઈ ગયેલા સ્વજનો કાઢવાના છે. દટાયેલા સ્વજનને બચાવવા જાણે અર્થમૂવર (Earth mover) ને કાલાવાદા થઈ રહ્યાં છે. અને અંતે મળે છે શું? 'છુટાં છવાયાં અંગનો ઢગલો કર્યો.

એ ઢગલાને એણે છાતી સરસો ચાંપ્યો;[૨૦]

કવિ અહી વેધક શબ્દચિત્ર કલ્પનોના માધ્યમથી ઉપસાવે છે. જેમ કે; 'આંસુથી લથબથ અવાજો તથા 'આંખોનાં જળમાં છલછલી ઊઠી ખુશી, એમાં ચળકવા લાગ્યો સંતોષ.

ભૂકંપ પછીની પ્રથમ રાત્રિમાં કવિનું ઊંડી વેદનામાં ગર્ત થાય છે. આ ઘટના કવિના ચિત્તમાં શંકાને જન્માવતી હોય તેમ – આ ધરતી જેવી ધરતી

જન્મ જન્માન્તરોથી

જે હતી માતા-

ગોદમાં રમાડ્યોને પોઢાડ્યો,
ખોળો ખુંદાવ્યો, [૨૧]

જે ધરતી પાલન – પોષણ કર્યું માનવીનું માતા બની. તેના થકી આ મનુષ્ય ટકી રહ્યો છે. કેટલાંય વરસોથી તેને મનુષ્યને સંતાનની જેમ ઉછેર્યો છે. તે કેવી રીતે ડગી ગઈ? અને કાવ્યઅંતે કવિ ચિત્તને શંકા જન્મે પછી આકાશનો શો ભરોસો, જેની નીચે સૂતો છું![૨૧]

આમ, મનુષ્યને જીવનમાંથી વિશ્વાસ ઊઠી જાય એવો ભાવ મૂર્ત થાય છે. 'ડગી ગઈ શબ્દમાં લાગણીને કેસ અને નિશાસો વર્તાય છે.

ભૂકંપ પછીની બીજી રાત્રિ નું વર્ણન કરતા ભૂકંપ પછી ઘર તંબૂઓમાં ફેરવાયા છે. અને જ્યાં ત્યાં ખંડેરોના દ્રશ્યો રચાયા છે. મનુષ્ય કુદરત સામે કેટલો પાંગળો બની બેસે છે. તેને બનાવેલી ગગનચુબી ઈમારતોને કાળની એક થપાટે તેને ઘરાશાયી બનાવી મૂક્યો છે.

આમ, ભૂકંપ પછી પ્રથમ, બીજી,ત્રીજી રાત્રિ અને સવારના દ્રશ્યચિત્રોમાં ભૂકંપની વિનાશક્તા જોવા મળે છે.

'ભૂકમ્પ પછીઃ૨' કાવ્યમાં 'ધરતી અને આકાશ' 'આ ધરતી વિના', 'દિવસો પછી', જેવા શીર્ષક હેઠળ કવિ સમસ્ત માનવજાતિની વિડંબના દર્શાવે છે કે જેણે આ ઈમારતો ચણી છે કે ઉપર સુધી તેને પળવારમાં ધરશાયી કરી નાખી છે. મનુષ્યનો આ કુદરતના તત્વો સાથે કેવો સંબંધ છે. જેણે ફંગોળ્યો આકાશ તરફથી ધરતી તરફ . આ ધરતીની વિનાશક્તા પછી પણ મૂળિયા તો ત્યાં જ દટાયાં છે. આ વિનાશકતા વચ્ચે જાણે અસ્તિત્વનો અર્થ ગૂમ થઈ ગયો હોય છે. બધિર/ જરઠ/ મૂક/ અંધ/ અસ્વાદ જીવન સાથેનો વિચ્છેદ અહી કલ્પન દ્વારા દ્રષ્ટિગત થાય છે. મનુષ્ય હજી ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. તેનું ચિત્ર 'રાત્રિના અંધારપટ હેઠળ

તગતગ્યા કરે
બેબાકળી આવાક આંખો…'[૨૨]
કવિ પોતાના પડી ગયેલા ઘરને જોઈને સાંશક બને છે.
આ ઘર

માં હું જન્મ્યો,
આ ઘર
ની છતની નીચે,નિરાંતે શ્વાસ લીધા મેં
આ ઘર
ની દીવાલો વચ્ચે
.....મેં સલામતી શોધી
એ ઘરને હું જોઈ રહ્યો છું.[૨૩]

જ્યાં માનવી સૌથી વધુ રક્ષણનો અનુભવ કરે તે ઘર સાથેનો આ કેવો વિચ્છેદ રચાયો છે. તથા ઘરની આસપાસ કવિએ વાવેલા વૃક્ષો હજીય ઊભા છે. પરંતુ ઘર નષ્ટ છે. એને જોઈને જાણે, પણ મને હવે

એ કંઈક ઝૂકી ગયેલા લાગે છે'
અને

કમ્પી રહેલાં:'[૨૪]

'વૃક્ષો'એ જાણે આ દુર્ઘટના માં બેસી ગયેલો માનવસમૂહનો સંકેત મળે છે. અને હજીય એનો ભય તેમના ચિંતમા કંપન રૂપે દ્રષ્ટિગત થયા કરે છે.

મને અડક્યા પણ વગર
ચુપચાપ જઈ રહેલી

કીડીઓની હારની હાર પર

મેં સપાટો બોલાવ્યો છે કંઈ કેટલીય વાર,

કંઈ કેટલીયે વાર

સગદી નાખ્યા છે કીડાઓને કાળી રાતે,

પાણીના રેલામાં તણાઈ જાવા દીધા છે.

જેનુઓને

જોઉં છું હવે,

કૈં કેટલાંય

કીડી –કીડા જંતુઓએ

નિર્ભર વસાહત માંડી છે. મારા ભયભીત ઘરની

તિરાડોમાં, ફાટોમાં. [૨૫]

કવિએ અહીં મનુષ્યની રોજિંદી પ્રવૃતિમાં કેટલીય વાર કીડી, મકોડા જંતુઓને તેમના અપરાધ વિના મૃત્યુઘાટ ઉતર્યા છે. પરંતુ આ જંતુઓ એ હવે કવિના તૂટી પડેલા મકાનોમાં નિર્ભર વસી ગયા છે. પેલી તિરાડો ને ફાટોમાં આમ કવિનું મન જાણે માનવ અને જંતુઓનું સાદ્દૃશ્યચિત્ર નિરૂપ્યું છે. મનુષ્યને આ ઘટનાએ માત્ર જંતુની જેમ જ ચગદી નાંખ્યો છે.

'ચોપાસ' કાવ્યમાં કવિ આ મૃત્યુના આતંકનું જીવન વચ્ચે આવી બેસવું કેવું ભયાનક છે. તો ભૂકંપ પછી લોકો કહી રહ્યા છે કે ફુવાના તળ હવે ઊંચા આવશે. પણ સ્વજનોને, ઘર અને ઘર ગુમાવી બેસેલા મનુષ્યની 'આંખોના કુવા' નું શું થશે? તથા આ વિનાશકતાના યંત્રો દ્વારા કાટમાળ ખસેડાય ગયો. પરંતું માનવમનના એષણાઓનું શું. એને કેવી રીતે ઉલેચી શકાશે.

આ બધાં વચ્ચે કવિ કહે છે ગુજરાતી ભાષામાં 'મલબો' શબ્દ જન્મ્યો . જે આજ સુધી જોડણી કોશમાં ઠંડો ગાર પડ્યો

આ સિવાય ‘આફ્ટર શોક -૧’, ‘આફ્ટર શોક – ૨’ , ‘મલબા વચ્ચે’ જેવા કાવ્યોમાં ભૂકંપનું વિનાશક રૂપને કવિ નિરૂપે છે.

‘વાસના’ ભૂકંપના આક્રોશના ભોગ બનેલી પ્રજાનું સમૂહ કાવ્ય છે. જેમાં આ સમગ્ર નગર જાણે દંતકથા બની ગયું છે.

‘હું સ્વયં (સ્વયં )?

બનીને દંતકથા

ઘૂમી રહ્યો છું

આ નગરની ગલીઓમાં

ગલીઓમાં ?

કઈ ગલીને કયો રાજમાર્ગ ?

કોઈ સરનામું નથી આ શહેરમાં,

નથી કોઈ એ ધણી;

કોઈ ટેકરા – ટીંબા પછવાડે પડ્યો

હડફેટે ચઢે કોઈ માનવદેહ

શોધજો એમાં કોઈ સંબંધ

અથવા

કલ્પજો .....[૨૬]

અહી જાણે આખુય નગર ધરતીકંપની વિનાશકતામાં દટાઈ ગયું છે. કવિનું મન નગરની ગલીઓમાં ફરે છે. પરંતુ તેના નામ-ઠામ રહ્યા નથી બધું જ એકાકાર થઈ ગયું છે. આ કાટમાળ વચ્ચે મનુષ્ય દટાયો છે. એવી માત્ર દંતકથા જાણે બની ગયો છે.

'લાલન કોલેજને (ભૂકંપ પછી ) જોઇને સોનેટ સ્વરૂપની રચના છે. કવીએ અહીં જે કાવ્યમાં અધ્યાપન કાર્ય કર્યું છે. તૂટી પડેલી જોઇને આ કાવ્ય રચે છે. કવિની દ્રષ્ટિ કૉલેજ પર પડતા તેનું શબ્દચિત્ર ઉપસે છે. આ સંસ્થા બેવડી થઈ ગઈ છે. જાણે કોઈ પીડા થતી હોયને નીકળી આવી હોય તેમ બહાર નીકળી આવી છે. પ્રથમ ચાર પંક્તિમાં તેની દયનીય સ્થિતિનું વર્ણન છે. બીજી ચાર પંક્તિમાં તેના કણ –કણ થઈ ગયા છે. સાવ કડડભૂસ કરતી વેરણ –છેરણ થઈ ગઈ છે. તેનો આકાર ગુમાવી બેસી છે. આ જોઇને આખો પરિવેશની કરુણતાનું દ્રશ્ય રચાય છે. અંદર દટાઈ ગયેલી મિલકતોને મેળવવા લોકો જુએ છે. ચાલ્યા જાય છે. પરંતુ કવિનું મન 'હું.... હું..... હું' દ્વિરુક્ત પ્રયોગ દ્વારા બહાવરું બને છે.

અને અંતે સોનેટ સ્વરૂપની આંતરિક લક્ષાણ પ્રમાણે કવિ ચિત્ત વિચારે કે 'ભંડારેલી ક્ષન સકલ આ ઉછાળીને પડી છે.

મારી કોઈ વિગત થઈ એકાદ એમાં કડી છે ?[૨૭]

અહીં કવિ જીવનની કેટલીય ક્ષણો આ સંસ્થા સાથે જોડાયેલી હતી. મારી એકાદ કડી અર્થાત આ સંસ્થા સાથેનો સંબંધ અહી રહેશે કે નહી ? એવો પ્રશ્નાર્થ કવિ મનને ઉદાસીન કરે છે.

સૃષ્ટિની આ દશા જોઇને ઈશ્વર શું મૂંઝાયો હશે કે દુખી થયો હશે કે નહી ? એવા કવિ વિચારે 'ધનુષ ઉતારી રામા' અને 'છેક શું આમ !' જેવી કાવ્યરચના મળે છે. કવિ રામને ધનુષ ઉતારી દેવા કહે છે. તમે ચિંતા ન કરશો અમારી – અમારું જે થવાનું હોય તે થશે જ. ઈશ્વર તરફનો રોષ

અહી દ્રષ્ટિગત થાય છે. મનુષ્ય અને ઈશ્વર વચ્ચેનો જાણે સંવાદ. મનુષ્યનું નિકંદન નીકળી જશે તો કોણ પૂજશે ભગવાનને એવો પ્રશ્નાર્થ કવિ કરે છે. આ વિનાશકતાએ તો ઈશ્વરનાં ધામને ય તોડી પાડ્યા છે. ઈશ્વર મંદિરમાં ન હતો એવો પ્રશ્નાર્થ કવિ કરે છે. અને કહે છે કે અમને તો શું ખબર ઈશ્વર ક્યાં રહેતો હશે. પરંતુ એક જ ધામની ખબર છે. મૃત્યુધામની ત્યાં કાવ્ય પૂર્ણ બને છે.

‘છેક શું આમ’ કાવ્યમાં કવીએ નાગદમનનાં કથા પ્રસંગને વણયો છે. લોકવાયકા છે કે પૃથ્વીએ શેષનાગ ઉપર વસેલી છે. એ ડગી જાયને ભૂકંપ થાય છે. ત્યારે કવિ ચિત્ત કૃષ્ણને સંબોધી રહે છે. હરિવર, તમે છેક શું આમ !

તમે વગાડો બંસી, ને ચોપાસ બધું સૂમસામ !

- આ શું કર્યું તમે ? તમારી મીઠી બંસીના સૂર કોણ સાંભળશે. આસપાસ તો નિર્જનતા છે. આગળ કવિ કહે છે કે

‘ચોરે ચૌટે રાસ આ કેવો, જોઈ રહ્યા છો શ્યામ ?’[૨૮]

- આ ઈશ્વરની કેવી લીલા છે. તે આ કેવો મનુષ્યનો રાસ રચાયો છે. જાણે મૃત્યુલીલા આચારી છે. તેવો સૂર અહીં દ્રશ્યમાન થાય છે.

‘કબૂલાતનામું’ માનવ નામે ઓળખાતા કોઈ પણ શખ્સનું, એમાંનો એક’ ધીરેન્દ્ર મહેતા – પુસ્તક કાવ્યમાં કવિ માનવ તરીકેની જવાબદારી સ્વીકારે છે. વિશ્વના કોઈ ખૂણે બોમ્બ વિસ્ફોટ થાય તેનો ભાગદાર હું છું નો ભાવ સમગ્ર કાવ્યમાં ઘૂંટાયા કર્યો છે.

જેની તીવ્રતા ‘હા, હા’ ના પ્રયોગમાં પ્રશ્નાર્થોમાં દ્રશ્યમાન થાય છે. સર્જકની કલ્પના

‘આ રૂંધાઇ જતો અવાજ જેમાં ગયાં ગીત
કચડાઈ ગયેલા પેટ, જેનાથી હું નીસર્યો,
કાપી ગયેલા હાથ, જેનાથી હું ભેટ્યો,
ભાંગી પડેલા પગ, એ ને લઈને હું ધાઈ આવ્યો અહિયાં.[૨૯]

- અહી સર્જકે માનવશરીરના અંગોમાં વિડંબનાને વિલક્ષણ રીતે ઉપસાવી છે.

આમ, 'પ્રત્યંચાનો કમ્પ' કાવ્યસંગ્રહ ધીરેન્દ્ર મહેતાની કાવ્યસૃષ્ટિને સર્વાંગ સંપૂર્ણ રીતે વ્યક્ત કરતો ગુજરાતી સાહિત્યનો મહત્વનો કાવ્યસંગ્રહ બની રહે છે. તેમાં વિષય, અભિવ્યક્તિ અને ભાષાની રૂએ સર્જક ધારી સફળતા મેળવી છે.

## ❖ ભૂસકાની ઉજાણી :

બાળસાહિત્ય એટલે બાળકના અનુભવ ને અભિવ્યક્ત કરતું સાહિત્ય જેમાં બાળમાનસ કેન્દ્રમાં છે. બાળસાહિત્યના વિષય ક્ષેત્રની વાત કરતા શ્રદ્ધા ત્રિવેદી નોંધે છે કે 'બાળસાહિત્યનું વિષય ક્ષેત્ર એક અર્થ માં તો અમર્યાદ છે. બાળક પોતાની ઇન્દ્રિયોથી અને બુદ્ધિથી, સંવેદનથી અને કલ્પનાથી જ્યાં સુધી પહોચી શકે ત્યાં સુધીનું બધું જ ક્ષેત્ર બાળસાહિત્યનું વિષય ક્ષેત્ર લેખાય.'[૩૦]

બાળગીતોમાં રહેલ ગેયતા બાળમાનસને આકર્ષે છે અને એટલે જ બાળક લિપિના અભ્યાસ કર્યા વિના બાળગીતોને કંઠસ્થ કરી તેમાં રહેલા આનંદને પામે છે.

ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કૃત માં 1986 બાળકાવ્યસંગ્રહ 'ભૂસકાની ઉજાણી' જેમાં સર્જકે તેમના પિતા થયાના અનુભવને આલેખ્ય વિષય .પ્રથમ ધીરેન્દ્ર મહેતા પાસેથી મળે છે બેતાળીસ વર્ષની ઉંમરે .જેટલી બાળકાવ્યોનો સમાવેશ થાય છે 30 આ સંગ્રહમાં .બનાવ્યો છે બાળસ્મૃતિ ચિત્તમાં સ્ફુરે અને અભિવ્યક્ત કરવી એ સર્જકની એક ભિન્ન પ્રતિભાને દર્શાવે છેઅને . આવો સર્જક જ્યારે બાળસાહિત્ય લખે ત્યારે તેમાં સાહિત્યિક ફોરમ સ્વાભાવિક રીતે ભળી જતી જોવા .મળે છે

'ભૂસકાની ઉજાણી' બાળકાવ્ય સંગ્રહ પ્રવેશતા પહેલા તેના શીર્ષકમાં રહેલા બાળકની અવનવી તોફાનવૃતિ કે બાળ સહજ નિર્દોષ ચેષ્યમાં રહેલ મોજને યોગ્ય રીતે દર્શાવે છે. કહી શકાય કે બાળસાહિત્યનો સર્જક બાળ માનસનો અભ્યાસુ હોવો જોઈએ. પરંતુ અહીતો સ્વયં પિતાની નજર

સમક્ષ ઊછરી રહેલી પુત્રીઓના નિર્દોષ વર્તનને સર્જકે (પિતાએ) પોતાના શબ્દોમાં જાણે જિલી લીધા છે. સર્જક આ સંગ્રહ વિશે નોંધે છે કે 'તદ્દન સહજ રીતે આ રચનાઓ થઈ છે – વેણુની બાલચેષ્ટાઓ જેટલી સહજ રીતે ।'[૩૧]

આ બાળકાવ્ય સંગ્રહના કાવ્યો ' પ્રવાસી', 'ફૂલછાબ', 'ફૂલવાડી', જેવા બાળવિષયક સામયિકમાં પ્રગટ થયા હતા.' તથા આકાશવાણી પરથી પણ તેની પ્રસ્તુતિ થતી રહી. આ ઉપરાંત ' વેણુબેન શીખે' એ શીર્ષકથી કેસેટરૂપે એનું નિર્માણ થયેલું છે. તથા તેની લોકપ્રિયતા બીજી આવૃતિ રૂપે પ્રગટ થાય છે. જેનો આનંદ સર્જકે 'ફરી એક ભૂસકો' શીર્ષક હેઠળ 'કલ્પના બહારની લોકપ્રિયતા આ ગીતોને સાંપડી છે' એમ કહી માણ્યો હતો.

ધીરેન્દ્ર મહેતાના બાળકાવ્ય સંગ્રહના કાવ્યોને તેમના વિષયવસ્તુ પ્રમાણે વર્ગીકૃત કરીએ તો વેણુબેનના કાવ્યો પશુ – પંખીના પરિચય કરાવતા કાવ્યો, બાળવૃતિ દર્શાવતા કાવ્યો, જ્ઞાન સાથે ગમ્મતના કાવ્યો,

ધીરેન્દ્ર મહેતાના બાળકાવ્ય સંગ્રહના કાવ્યોને માણીએ અને તપાસીએ સર્જકની સર્જકતાને પ્રસ્તુત બાળકાવ્ય સંગ્રહમાં 'વેણુબેન'ને કેન્દ્રમાં રાખી બાળગીતો રચાયા છે. મુખ્યત્વે બાળગીતોમાં 'વેણુ' નામ પ્રયોજાયેલું છે. સર્જકે 'વેણુ' અને ધમાલ કરતી 'વેણકી' જેવા શબ્દપ્રયોગ કરે છે. 'વેણુબેનની વારતા' બાળગીતમાં વેણુ પાત્ર છે. જેમા વેણુની જુદી જુદી ચેષ્ટાઓનું વર્ણન છે જેમા વેણુબેન પાટી – પેન લઈ બેસયા છે. બાળક આડા – અવળા આંક લખી પોતાને અભિવ્યક્ત કરતું હોય તેમ બાળક જાણે 'એટલાં મતો લાવ્યો થાક;[૩૨] બાળમાનસ કેવું ચંચળ હોય છે. ઘરમાં આમ તેમ દોડીને સતત(વડીલો) દાદાને વેણુબેનની દેખરેખમાં હોય ત્યારે કહે કે ' કવિતા વાંચ છોડ બધાંયે નખરાં – નાચ.' એનું એ નૃત્ય કેવું તો (ફેન) પંખો જોઈને એની જેમ ફૂદરડી ફરીને. કાવ્ય અંતે વેણુબેન બગાસુ ખાતાને ઘેન માં ઢળી પડ્યા. આમ, બાળકનું મન પાટી – પેન લઈ લખતાં અને જીવ જાણે

રમતમાં છે. જાણે સર્જક પણ બાળકની બાળ ચંચળતાની ચેષ્ટાને અહી નિરૂપે છે. આ બાળકાવ્યમાંથી પસાર થતા વર્તમાન સમયમાં જોવા મળતાં શિશુ અઢી કે ત્રણ વર્ષની વયે ડે-કેર(Day – care) મૂકી આવવામાં આવે ત્યારે તેમનું ઘરના વડીલો સાથેનું અનુસંધાન કેવું ખોટકાય રહ્યું એમ અનુભવ્યા છે. 'વેણુબેનની વાત' કાવ્યમાં બાળકના જન્મ પછીનો સમય અતિ ગતિશીલ હોય છે. તેનામાં શારીરિક અને માનસિક ફેરફાર થાય છે. અને આ અવસ્થામાં બોલતા – શીખતા નાનકડા બાળકને જોઈ ગમે તેવા વડીલ તેના સમક્ષ કાલી – ઘાલી ભાષામાં પ્રત્યાયન કરવા લાગે છે અને એને સાંભળવા પણ આતુર બને છે. આ કાવ્યમાં વેણુંબેન બોલતા શીખ્યાનો પ્રાસ ' શિયાળો – ઉનાળો વીત્યા, વેણુબેન તો બોલતા શીખ્યાં, એમ સર્જક નિરૂપે છે. બાળકના ઉદ્‌ગારો 'મમમમ્'  વચ્ચે તેની ઘૂંટણ ભરતું થવું કે પછી જે કાંઈ મળ્યું સીધુ મુખમાં મૂકી દે. જેવી બાળસહજ ચેષ્ટા જોવા મળે છે. કાવ્ય અંતે વેણુબેન મમ્મી પપ્પાને સ્થાને દાદા – દાદી ઉચ્ચારે છે. ત્યારે બાળકને કહેવાતી વાર્તાઓ કે વ્હાલા દાદાજીની વાર્તાએ કે 'દાદીમાની વાર્તા' એમ જ કહેવાય છે. આ સિવાય 'વેણુબેનની બિલાડી' કાવ્યમાં વેણુબેન બિલાડી ચીતરી છે. જેમાં બાળકની સર્જનાત્મક શક્તિ અહીં નિરૂપ્ય બની છે. જેમાં બિલાડીના રંગ, રૂપ, જાડી, ઊંચી, પૂંછડી લાંબી શબ્દચિત્ર લયાત્મક રીતે આવે છે. ઉદ્‌ગાર ચિહ્નો, અને અલ્પવિરામ દ્વારા સર્જકે બાળમનના આશ્ર્ચ્યને જાણે અભિવ્યક્ત કરે છે. અહીં 'એક બિલાડી' બાળગીતને નવી રીતે રજુ કરાયુ હોય એમ લાગે. જેમાં 'આંખો' ને 'ફૂલ' કર્યા કારણ કે જેમ ફૂલ જ્યારે હળવે થી ખીલે છે. તેમ બિલાડીની આંખો પણ એવી જ અને 'કાન' ને 'પંતગિયા' કહ્યાં છે કાવ્યાંતે 'બિલાડીબેન' ને જાણે પ્રશ્ન કરતાં કહે કે તમને તો 'મૂછ' છે તો તમે ' ભાઈ' કે 'બેન' એવો પ્રશ્ન જાણે બાળમાનસ કરે છે. ત્યારે એક સર્જક તરીકેની આ પ્રકારની ચમત્કૃતિ ઉપયોગી બની રહે છે.

'પવન દેખાડ' કાવ્ય માતા સાથેનું સંવાદ કાવ્ય છે. જેમ બાળ કૃષ્ણ કે ચંદ્ર ની હઠ લઈ બેસે છે. તેમ અહી 'પવનને જોવાની જીદ' આ બાળગીતમાં છે. પ્રથમ છ પંક્તિમાં પવન ક્યાં ક્યાં કેવો સતાય છે તેનું વર્ણન અને પછીની પંક્તિમાં જાણે બાળક ફરિયાદના સ્વરમાં કહે છે 'મારા વાળને ફેંદી, /છૂમંતર એ થાય ઘડીમાં એવો છે એ ભેદી ।[૩૩]

ત્યારે સમજાય કે આ પવનને જોવાની જીદ કેમ છે. આમ, બાળસહજ નોર્દોષતા આલેખન બન્યો છે ‘ભૂસકાની ઉજાળી’મા પાણી ઝાલવાની બાળ મનની મજા છે. જેનો સર્જકે બાળકની ફૂદકા મારવાની ટેવને વરસાદ સાથે સરખાવી છે. બાળકને પાણી સહજ રીતે આકર્ષિત કરતું હોય છે. વરસાદને તે જાણે આકાશમાંથી ભૂસકો મારતું કલ્પે છે તો નળમાંથી આવતા પાણીને સ્પર્શ કરવા જાય તો સ્વયં (બાળક) ભિંજાય એનોય આનંદ માણે છે. તો વળી ‘તડકો પહેરી’ કાવ્યમાં નાહ્યાં બાદ કપડા ન પહેરવા એવી જિદ્દ માટે કેવા જતન કરવા પડે છે. પણ અહી સર્જક તો કહે છે ‘કોણે કીધું નાગાંપૂગાં છે?

‘વેણુબેન તો તડકો પહેરી ઊભાં છે !’[૩૪] જેમાં સૂર્યસ્નાન કરતાં વેણુબેન સાથે સર્જક પતંગિયુ, ખિસકોલી ક્યારેય કપડાં પહેરતા નથી એમ બાળમનની નિર્દોષતાને સૂચવે છે. અને બૂટ – મોજાં ય નથી પહેરવા ત્યારે પવનમાં ઊડતી પાવડી(પગરખા) પહેરી દોડવા લાગે ,ફૂલો ઝૂકીને સલામ કરે ત્યારે સર્જક ની કલ્પના દ્રષ્ટિ દૃશ્યમાન થાય છે બાળકને સૂરજ,ચંદ્ર,તારા,વાદળોનું આકર્ષણ સતત રહ્યું હોય છે ‘ચાંદાચાંદા પોળી’ જેવા બાળગીત કે ‘ચાંદામામા’ જેવા સંબધો આપણી સંસ્કૃતિમાં રહ્યાં જ છે. ‘સૂરજદાદા’ એવા ‘ચાંદલિયાની ગાડી’ લઈને બાળમન જાણે પરી લોકમાં વિહરી રહ્યું છે. પણ પાંખો નથી. અહી સર્જકે કલ્પના રચી છે વેણુબેન સાડી પહેરી ગાડીમાં નીકળ્યા છે અને જાણે એને જોવા સમગ્ર આકાશના તારાઓનું ટોળું ઊમટ્યું છે. જેની વચ્ચેથી વેણુબેન માર્ગ કર્યો એવું અદ્દ્ભુત દ્રશ્ય જાણે બાળકની આંખોને કેવી સુંદર કલ્પના પ્રદેશમાં ખેચી જાય છે. અને આ સમયે વરસાદ નથી એટલે કે કયાંક છુપાઈની નિહાળી રહ્યો છે. આ બધાની વચ્ચે બાળક એની ગાડી દોડાવી કાવ્યાન્તે કહે ‘ગાડી મારી અટકે નહિ એ ચાલે આખી રાત’

‘ઊઠો ઊઠો ચંદુચાચા, જૂઓ થયું પરભાત!’ ત્યારે સર્જકની સર્જકતા પ્રગટે છે કે આ તો કલ્પના પ્રદેશમાં વિહરતું બાળ સ્વપન ગીત બની રહે છે. ‘આવો’ કાવ્યમાંથી પસાર થતા ‘ચોકમાં દાણા નાખ્યા છે’ એ બાળગીતનું સ્મરણ થાય છે. બાળકને આ પંખીઓનું જગત પણ આકર્ષિત કરતું રહે છે. જેની સાથે જાણે સંવાદ કરતું હોય તેમ બાળકની રચના કરી છે. કાબર, પોપટ, કાગડાભાઈ

આવ્યાં છે. ચકીબેન નથી તેમને તેડી લાવવા બાળમન ચાહે છે. કોયલના મધુર અવાજ, મોરના પીંછા પાકે બાળમન કંઈક શીખવા કે જોવા આતુર છે. પંક્ષીઓના રંગ, કદ, અવાજ, બાળમન માટે આકર્ષણ બની રહે છે. જે એની નિર્દોષતા દર્શાવે છે. 'ઘર' કાવ્યમાં બાળકની નાની સરખી દિનિયા ઘર છે. જેમાં દરેક ઓરડામાં એક – એક સંબંધ છુપાયેલો છે. દાદા – દાદી, પપ્પા, મમ્મી ઘરના ખૂણે ખૂણાને અનુક્રમે મોટુ સ્ટેશન, જંકશન, સ્ટડીરૂમ(સાયલન્સ ઝોન) રાનમાર્યા કરતી (કામ કરતા આવ જા કરતી) જેવા નામનિર્દેશ કર્યા છે. અને પોતાનું સ્થાન ઘરના વાડમાં કે બગીચામાં મેળવે છે.

'ફૂમકડી' કાવ્યમાં બાળ રમતને શબ્દસ્થ કરી છે. ફુમકડી અર્થાત્ ગોળ ગોળ ફરવું અને આ ગોળ ફરવાની ચેષ્ટા એટલે બાળકના આનંદનો ભાવ. ચકડોળ, ચકરડી, એવી વસ્તુઓ ખૂબ ગમતી હોય છે. ઘણી વાર તો તે કોઈ વસ્તુ કે વ્યકતિની આસપાસ પણ પવનની જેમ ફરતી રહે છે. કાવ્યમાં 'ફુમકડી' શબ્દનું પુનરાવર્તન છે. જેથી કાવ્યમાં લયાત્મકતા આવે છે. 'ડોલી' કાવ્યમાં ઢીંગલી સાથેની રમતમાં બાળક જાણે સ્વયં વડીલ બની (માતાની જેમ) નાની ઢીંગલી સાથે રમત રમે છે. અને માતા જેમ બાળક ને રોકે –ટોકે તે રીતે એ ઢીંગલી કહે છે.

'તારી જેવી છોકરી જિદ્દી
હશે રે બીજા કોની?

અંજાવે ના મેરા અને તું
બંધાવે ના પોની ![૩૫]

આમ, પ્રશ્નાર્થ શૈલીનો ઉપયોગ અહી ઉપકારક બને છે. સૂરજદાદા' કાવ્યમાં વરસાદી ઋતુમાં વાદળ અને સૂરજદાદાની સંતાકુકડી જોઈને બાળ અનુભવે છે કે તે ભારે ઊંઘણશી છે. પ્રકૃતિના તત્વોને માનવીય રૂપ આપવામાં કલ્પના સુંદર રીતે નિરૂપાય છે. વહેલાઊંઘે મોડા જાગવું, ઘડિયાળમાં અગિયાર વાગ્યા હવે તો અને છેલ્લે કાવ્યમાં 'આજે ક્યાં છે છૂટ્ટી દાદા આજે ના રવિવાર ; (પૃ . 16) એમ કહી સૂરજને ઊંઘણશી કલ્પે છે. સ્વયં શાળાની વાટ પકડે છે. 'રેડિયો' કાવ્યમાં

બાળમનનું રેડિયો સાથેનું આકર્ષણ જોવા મળે છે રેડિયોની સ્વિચ દબાવી ગીતો સાંભળે અને નાચે છે. પરંતુ રેડિયો એ કોઈ બાળ રમતનું સાધન નથી ત્યારે ભાઈ લે છે ત્યારે કેવા રીસાય અને પિતાને ફરિયાદ કરે તો વળી એ સ્કોર પૂછવા લાગે .ત્યારે બાળકનું રૂસણું કેવું મીઠું દ્રશ્ય રચે છે.

'મમ્મી' કાવ્યમાં બાળકને માતાનું સાનિધ્યતો હંમેશા મળતું રહે છે. પરતું પુત્રીને એનુ અનુકરણ કરવું કેવું ગમે તે સાડી, પર્સ, સેન્ડલ, લિપસ્ટીક ઘડિયાળ, બંગડી, ગોગલ્સ, બિંદી વગેરે નિરૂપાય છે પરંતુ પેલું માતાનું વાતસલ્ય કયાંથી હજી? એવો પ્રશ્ન સર્જક બાળમનની મૂંઝવણ આયના સામે ઊભા રહીને દ્રષ્ટિગત કરાવે 'પૂછું છું' કાવ્યમાં પ્રશ્નવાચક શબ્દમાં પિતાને અનેકપ્રશ્નો પૂછાય રહ્યા છે. ફુગ્ગામાં હવા ભરાય ગ્લાસમાં કેમ નહિ? પતંગથી ચાંદા-સૂરજ કપાય નહિ કેમ? , શો – કેસમાં સૂનમૂન પંખી ' કેમ ગાતું નથી ? તડકો વરસે તો કેમ તેમા નવાય નહિ? જેવા પ્રશ્નોમા બાળમનની જિજ્ઞાશાવૃત્તિને પ્રગટાવી છે.

'રેડિયો' અને પછી 'ટેલિફોન' કાવ્યમાં બાળ સહજ તોફાનની વૃત્તિ પ્રગટ થઈ છે. આ પ્રસંગ કાવ્યમાં વેણુબહેન રમતમાં ભૂલથી પોલિસ સ્ટેશન ફોન જોડ્યો અને જેવી ખબર પડી કે 'મેં હૂં પોલીસ હાં'। એટલે ધીમેથી નીંદરમાં રહેલા પિતાને ફોન પકડાવી છટકી જાય ત્યારે 'પપ્પાજી ને પોલીસમાંથી  કોના ભોગ લાગ્યા? એવા પ્રશ્ન સાથે ધ્રાસકો પડે. અને બાળકની આ તોફાની વૃત્તિ ઉપર હાસ્ય જન્માવે છે. ઘણીવાર આપણે બાળકોની તોફાન વૃત્તિથી કંટાળી સમજાવતા હોઈએ ત્યારે એના મનમાં કેવા 'અગડબગડ' થાય તે કાવ્યમાં જોવા મળે છે. બાળકને સ્વજનો એમ કહીએ કે હવે જાતે શીખ, મોટી થઈ. પછી પણ વડીલોની રોક ટોકનું વર્ણન કર્યું છે. પરંતુ એ એની વયના કામ છોડી મોટી વયના કામ કરવા લાગે એને નાની કહીએ ત્યારે બાજુસહજ મનની ગડમથલને સર્જકે આ કાવ્યમાં પ્રગટાવી છે. 'સેટર ડે – શનિવાર' કાવ્યમાં પણ એવી જ ગુજરાતી – અંગ્રેજી ભાષાની ગડમથલ કાવ્યનો વિષય બની રહે છે. જે બાળકના શિક્ષણમાં પણ ઉપયોગી બને છે. (સૂર્ય, પુત્ર), ફલાવર (શાકભાજી – ફૂલ) વન (જંગલ, એક).

'લીમડો' વૃક્ષનું અવલોકન કરતું બાળ કાવ્ય છે. જેમાં બાળક વૃક્ષના અંગોને મનુષ્ય ના અંગોને સરખાવે છે. અહીં બાળમનની સર્જનાત્મક શક્તિ દ્રશ્યમાન થાય છે.

બાળકના શિક્ષણને ધ્યાનમાં લઈ 'કકકો – બારખડી' કાવ્ય રચાયું છે. જેમાં અક્ષર ઓળખવાના જ્ઞાનનો મુંઝવણને અક્ષરોની 'અયડા અયડી' બાળમનમાં હોય જ ત્યારે અક્ષરોને માનવીય ચેષ્ટા કરતા શબ્દિ્ચત્રો તો પ્રાણીઓના કદ અને અંગોનું સાદ્રશ્ય દર્શાવ્યુ છે. આખુ કાવ્ય (પૃ. ૮૨) આ કાવ્ય સાથે એકડો તો સાવ સળેકડો, બગડો, ડીલે તગડોનું – અંક જ્ઞાનગીતનું સ્મરણ થાય છે. 'બરફ' કાવ્યમાં બાળ નિર્દોષ ચેષ્ટા જોવા મળી છે પપ્પાને બરફનો ટૂંકડો મમ્મીથી સંતાડી ખિસામાં મૂક્યો છે. એવી શરતે કે માગુ ત્યારે આવો જ પાછો આપજો. જ્યાં ભાવક હાસ્યનિષ્પન થાય છે. બાળ મનની નિર્દોષતા જોવા મળે છે. 'માળો' કાવ્ય બાળમનના આશ્ચર્ય વચ્ચે સ્વપન જગતનું કાવ્ય છે. ચકલીનો માળો બાળ માનસમાં આશ્ચર્યનું જગત ઊભું કરી આપે છે. એના માટે આ અજલ જેવી વાત છે કે ઊડતું પંખી કેમ ઊંચો માળો બાંધવાનો પ્રયાસ કરે. તણખલાં, કપાસથી સુંદર માળો કરે આ દ્રશ્ય બાળમનની જિજ્ઞાશાવૃતિને સ્વપનમાં જઈને સર્જકે કાવ્યમાં આશ્ચર્ય વિરામ દ્વારા બાળમનના આશ્ચર્યોને ઉપાસાવ્યું છે.

'ટ્રેન અને બસ' કાવ્યમાં ટ્રેન અને બસની રમત રમતા બાળકોનું તોફાન નજરે પડે છે. તો 'દાદા, તમે - ~' એ કાવ્યમાં બાળક પોતાના બાળપણને દાદા સાથે સરખાવે છે તો 'ખી ખી ખી ખી ખી' કાવ્યમા દાદીએ પિતાની મમ્મી એવું જાણી બાળમન રોમાંચ અનુભવો છે. અને પિતાની પણ મમ્મી હોય એવું જાણી ખૂબ જ હસે છે. આ બન્ને કાવ્યોમાં બાળમાનસના પ્રશ્નોને પ્રશ્નશૈલી દ્વારા નિરૂપ્યા છે. 'ધમધમાધમધમ્' બાળકાવ્યમાં રવાનુકારી શીર્ષકનો ઉપયોગ બાળ મોજ – મસ્તી માટે થયો છે. જેમા બાળ સહજ ચેષ્ટાનું વર્ણન અહીં જોવા મળે છે. જેમાં સર્જકે 'ધમધમા ધમધમ્'નું પુનરાવર્તન તોફાનીપણું, અલ્લડતાના સૂચક બનાવ્યા છે. જાણે આ કાવ્ય બાળકોના કંઠે ગવાતું હશે ત્યારે આ શબ્દ બાળસમૂહ ઉચ્ચ અવાજે ગાતા હશે. એવું સંગીતમય બની રહે છે.

'અચકન બચકન' કાવ્ય હિન્દીમાં રચાયેલું છે. જેમા બન્ને પુત્રીઓના આગમનથી ઘર કેવું હર્યુંભર્યું બન્યું છે. તેમની ધમાલ વાતવરણને જીવંતતાથી ભરી દે છે – પ્રસ્તુત કાવ્ય જોડકડાં રૂપે રચાયું છે.

'ભૂસકાની ઉજાણી' બાળ કાવ્યસંગ્રહના કાવ્યોમાં વિષય સમૃધ્ધિનો ખ્યાલ મળે છે. સમગ્ર સંગ્રહમાં બાળકોના સંવેદન વિશ્વ, શાળા જવું, પાટીપેનથી રમવું, ભૂસકા મારવા, દોડા-દોડી કરી કયાંક પડી જવું, હસવું, રડવું, પક્ષી-પશું જોઈ આશ્ચર્યથી વિસ્ફારીત નયને જોવુ, એની સાથે રમવું, સ્વપનલોકમાં વિહરવું વગેરે જેવી બાળસૃષ્ટિ દ્રશ્યમાન થાય છે. દાદા-દાદી, માતા-પિતા સાથેના નિકટના સંબંધોનું વિશ્વ રચાય છે. તો શિક્ષણ સાથે રમત જેવા નિરૂપય વિષય જોવા મળે છે. સર્જકની કલ્પનાશક્તિ-આપણે અગાઉઅના પૃષ્ઠમાં જોઈ ગયા. તથા સુંદર ઉપમાઓ, દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દપ્રયોગ પ્રાસાનુ પ્રાસ કાવ્યોમા લયાત્મકતાને પ્રગટાવે છે.

'એવી ધૂમે આંખો જાણે રંગીન હોય લખોટી!

'એવું હસે, હસે તો એ વાયરો જાણે વાય'[૩૮]

'કાન જેવાં આજુબાજુ પતંગિયાં બે ઝૂલે છે'[૩૯]

(અહી ઉપમા, અને ઉત્પ્રેક્ષા અલંકારનો વિનિયોગ  અને રવાનુકારી દ્વિરુક્ત શબ્દપ્રયોગ – 'ધમધમા ધમધમ', 'દડબડ દડબડ', ખડખડ ખડખડ', 'લાંબી લાંબી', 'ફરફર, ફરફર', 'ફટફટ', 'સુરસુરિયુ', 'ઘર્ ઘર્ ઘર્', ફર્ ર્ ર્', 'ટીકી ટીકી' 'ધીમે ધીમે', પ્રાસાનુપ્રાસ – 'કાચ, પાંચ,' 'વાંચ – નાચ' , 'આંક – થક', 'વીત્યા-શીખ્યાં, 'બૂટ – ઘૂટ', 'ગાડી – સાડી', 'ટોળું – ખોળું', ગાજે – આજે, 'મૂછો-પૂછો', બરફ – તરફ', 'ગુસ્સે-ચૂસે', 'માન – ભાન', 'મૂકો – ચૂકો', 'આપું – છાપું' વગેરે.

અંગ્રેજી શબ્દપ્રયોગ 'ઓ ડિયર, યૂ આર માઈ સન,'

'ઘેર ઈઝ રાઈઝિંગ સન !

'હું ઈઝ નંબર વન?'

'સેટર ડે'.[૩૭]

આમ, 'ભૂસકાની ઉજાણી' કાવ્યમાં સર્જક બાળકાવ્યોમાં ઉપદેશ સુધીના લંબાણ વાળી કોઈ રચના આપી નથી જે યોગ્ય બની રહે છે. બાળ જોડકણાં, બાળગીતોમાં સર્જકની કલમ સુપેરે વિહરી છે. 'અમને ઊગી વાણી-ધૂળધૂળ ધાણી' એવા શીર્ષક હેઠળ રમેશ પારેખ આ સંગ્રહને આવકાર્યો છે. અને સર્જક પાસે બાળ કાવ્યો પછી બાળ વાર્તાની માંગણી કરવી યોગ્ય બની રહે છે. એમ તેઓ નોંધે છે કે 'અમને ગમે તેવી વાર્તા પણ લખો! નહીં તો કિટ્ટા.....'[૪૦] આમ, ધીરેન્દ્ર મહેતાના આ માત્ર એક બાળકાવ્યસંગ્રહને સાહિત્યમાં આવકાર્યો છે. તે જોઈ શકાય છે.

પ્રસ્તુત બાળ કાવ્યસંગ્રહની રચના દરેક બાળગીત સાથે સચિત્ર મૂકવામાં આવી છે. જેથી બાળકને તેનું આકર્ષણ રહે.

❖ *પાદ નોંધ :*

૧. પવનના વેશમાં, ધીરેન્દ્ર મહેતા પૃ.૫૧

૨. રચનાને રસ્તે ૧૦૧ કાવ્ય આસ્વાદ- રાધેશ્યામ શર્મા, પૃ.૪૯

૩. પવનના વેશમાં, ધીરેન્દ્ર મહેતા પૃ.૦૪

૪. એજન. પૃ.૦૯

૫. એજન. પૃ.૩૮

૬. એજન. પૃ.૧૨૩

૭. એજન. પૃ.૧૨૫

૮. એજન. પૃ.૧૨૭

૯. એજન. પૃ.૧૩૦

૧૦. એજન. પૃ.૧૩૩

૧૧. એજન. પૃ.૧૧

૧૨. એજન. પૃ.૧૩

૧૩. એજન. પૃ.૧૬

૧૪. એજન. પૃ.૩૪

૧૫. એજન. પૃ.૬૯

૧૬. એજન. પૃ.૦૬

૧૭. એજન. પૃ.૦૨

૧૮. એજન. પૃ.૧૨૧

૧૯. પ્રત્યંચાનો કમ્પ, ધીરેન્દ્ર મહેતા પૃ.૧૦૬

૨૦. એજન. પૃ.૧૦૮

૨૧. એજન. પૃ.૧૦૯

૨૨. એજન. પૃ.૧૧૧

૨૩. એજન. પૃ.૧૧૩

૨૪. એજન. પૃ.૧૧૪

૨૫. એજન. પૃ.૧૧૫

૨૬. એજન. પૃ.૧૨૪

૨૭. એજન. પૃ.૧૩૩

૨૮. એજન. પૃ.૧૪૫

૨૯. એજન. પૃ. ૧૪૩

૩૦. ૨૧મી સદીનો: પ્રથમ વિશેષાંક, પરબ, જાનુયારી-ફેબ્રુઆરી, પૃ.૨૧૬

૩૧. ભૂસકાની ઉજાણી, ધીરેન્દ્ર મહેતા, પૃ.૦૭

૩૨. એજન. પૃ.૦૩

૩૩. એજન. પૃ.૦૫

૩૪. એજન. પૃ.૦૭

૩૫. એજન. પૃ.૧૩

૩૬. એજન. પૃ.૧૬

૩૭. એજન. પૃ.૧૦

૩૮. એજન. પૃ.૩૧

૩૯. એજન. પૃ.૧૨

૪૦. એજન. પૃ.૦૬